

# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના
વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. આ  માટે, સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી કાર્ય કરે છે.

એક બાળકથી શરૂઆત થતા આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયો સુધી વિસ્તર્યો છે

**May2024 | Issue No. 54 | A monthly newsletter**

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન દ્વારા સમાવેશી સમુદાય માટેની થતી પ્રક્રિયાઓને અહી રજુ કરી છે. જેમાં  બાળકો તથા સમુદાય સાથેના સમૃદ્ધ અનુભવનો પણ આપ અહેસાસ કરી શકશો.
અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## મુશ્કેલ હોઈ શકે .... પણ અશક્ય નથી.

આપણે આપણી આજુબાજુ કાર્યસ્થળ પર કેટલા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિને જોયા છે ? શું એ આપણને સહજ રીતે જોવા મળે છે ? જવાબ મળશે ના. આ ' ના ' પાછળના કારણો વિષે ક્યારેય વિચાર કર્યો છે ખરો ?

પણ એક જવાબદાર નાગરિક તરીકે વિચાર આવે ત્યારે તેના કારણો પણ સમજવા જરૂરી છે. આ જ કારણને સમજવા માટે વાત કરવી છે પ્રભાતના વોકેશનલ યુનિટમાં તાલીમ લેતા વીકીની. 22 વર્ષનો વીકી બોલવાની અને સાંભળવાની ક્ષતિ ( hearing impairment) ધરાવે છે. ધોરણ 9 સુધી સામાન્ય શાળામાં અભ્યાસ કર્યા બાદ, જયારે 10માં ધોરણમાં તે પાસ ન થયો તો તેણે શાળા છોડી. ઘરની આર્થિક સ્થિતિ નબળી હોતા અન્ય કોઈ પ્રવૃત્તિ તેના માટે કરી શકાય એમ ન હતી. એ જ સમયમાં તેને કોઈ કંપનીમાં ભારે સામાન ઉપાડવાનું કામ મળ્યું તે સ્વીકારી લીધું. પરંતુ આ એના માટે સરળ ન હતું. તેને વધારે પડતું કામ આપવા લાગ્યા. બીજાનું પણ કામ તેને કરવાનું થયું. તે ખુબ થાકી જતો હતો. પરંતુ તે ન તો એની ફરિયાદ કરી શકતો હતો અને ન તો એવું કોઈ હતું કે જે તેની સ્થિતિ સમજી શકે. પરિવારને પણ આ બાબત થોડા સમય પછી સમજમાં આવી અને તેણે કામ કરવાનું છોડી દીધું. ફરી એમ જ સમય પસાર થયો. પણ એના જીવનમાં થોડા સમય બાદ, નવો અધ્યાય શરુ થયો.

તેણે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ચાલતા વોકેશનલ યુનિટમાં પ્રવેશ લીધો. અહી તેને ચોક્કસ વ્યવસાયિક તાલીમની સાથે વ્યક્તિગત વિકાસ અને કાર્યના સ્થળ પર વર્તણુંક સંબંધિત પ્રશિક્ષણ આપવામાં આવ્યું. જેમાં વ્યક્તિગત સ્વચ્છતા, સંદેશાવ્યવહાર અને સામાજિક વર્તન , કાર્યની ગુણવત્તા, શિસ્તતા, જેન્ડર અને તેના અધિકારોની સમજ અને સ્વની સુરક્ષા જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો. વીકીને સિલાઈ કામની તાલીમ આપવામાં આવી. ધીરે ધીરે મશીન સાથે કામ કરવાની તેને ફાવટ આવતી ગઈ. અને તે બેગ, એપ્રોન, ટોપી, આસન વગેરે બનાવતા શીખી ગયો. તે પોતાની રીતે સ્વતંત્ર મશીન પર આ વસ્તુઓ બનાવી શકે છે.

પ્રભાત દ્વારા વોકેશનલના બાળકો આજીવિકા મળી રહે તે માટે કંપનીઓ સાથે સંવાદ કરવામાં આવે છે. જેના ભાગરૂપે વીકીને એક ટેલરીંગ કામ કરતી કંપની કે જે પેન્ટ બનાવે છે ત્યાં તેને જવાનું નક્કી કર્યું. કામ મળવું અને ત્યાં ટકી શકવું એ બે બાબતો વચ્ચે ઘણા આયામો છે. કારણ કે પ્રભાત નો અનુભવ છે કે , નોકરી મળ્યા પછી પણ અનેક પડકારો સામે આવે છે. એવું જ વીકી સાથે બન્યું. પરિવાર ની સાથે સતત સંવાદ, વીકી ને તેની સ્થિતિ મુજબ કામ અને વળતર મળે વગેરે. તેની સામે આવ્યા. અને પ્રભાત ને ચોક્કસ એ પડકારોનો તાગ હતો અને તેથી જ તેના વિકલ્પ સ્વરૂપે તેના માટે વ્યવસ્થાઓ કરવામાં આવી. એક તો પરિવાર તરફથી પુરતો ટેકો મળી રહે તથા કંપનીમાં સૌહાર્દ ભર્યું વાતાવરણ બને તે માટે પરામર્શ કરવામાં આવ્યું. વળી તેની સુરક્ષા ને લઈને પણ ધ્યાન રાખવામાં આવ્યું.

આમ, વીકી સાથે પણ ઘર થી કંપની સુધી પહોંચવા થી લઈને ત્યાં જે પ્રોડક્ટ બને છે તેની તાલીમ સુધી સતત ફોલોઅપ અને કાર્ય ટીમ દ્વારા થતું રહ્યું. વળી, તેને કામ ની સામે યોગ્ય વળતર અને સન્માન મળી રહે તે પણ ખુબ જરૂરી છે. તેથી જ ફરી થોડા સમય બાદ, વીકી ને એ કંપની છોડવી પડી અને પ્રભાત ના વોકેશનલ યુનિટ માં તે પોતાની તાલીમ આગળ વધારવા લાગ્યો. આમ, વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ સાથે જયારે આત્મ નિર્ભર માટેની સફર શરુ કરવામાં આવે છે. ત્યારે અનેક તેના પડાવો છે. જેમાં દરેક જોડાયેલ વ્યક્તિ/ કંપની/ પરિવાર ને પોતાની નિશ્ચિત ભૂમિકા ભજવવાની હોય છે. અને એ બધા સાથે પ્રભાત જોડાઈને કાર્ય કરે છે.

વીકીમાં આજે એવી આવડત ઉભી થઇ શકી છે કે જો તેને યોગ્ય વાતાવરણ મળે તે કંપનીમાં  કે સ્વતંત્ર રીતે આત્મ નિર્ભર બની શકે એમ છે. આપણે એ જ જોવાનું રહ્યું કે આવા કેટલા વીકી તૈયાર થાય છે અને કેટલાને યોગ્ય વળતર સાથે સન્માન મળે છે. આ સ્થિતિ ચોક્કસ મુશ્કેલ છે પણ અશક્ય નથી.





## કાર્યક્રમની ઝલક

**પ્રભાતના કાર્યક્ષેત્રમાં થયો વિસ્તારનો વ્યાપ** : કોઈ પણ વિસ્તારમાં જ્યારે પ્રભાત કાર્ય કરે છે ત્યારે સમુદાયની જરૂરિયાત કેન્દ્રમાં હોય છે. આવી જ જરૂરિયાત મણીનગરના હાટકેશ્વર વિસ્તારમાં જણાતા પ્રભાતે નવું સેન્ટર શરુ કરેલ છે. ચોક્કસ નવી જવાબદારી સાથે આ વિસ્તારમાં કાર્ય કરવાનું ઝંપલાવ્યું છે. સર્વે, લોક સંપર્ક, સ્થાનિક સંસ્થાનો, આગેવાનો સાથે બેઠક કરવામાં આવી.

ઉપરાંત આંગણવાડી અને અર્બન હેલ્થ સેન્ટર પર મુલાકાત કરી, મેડીકલ ઓફિસર, સુપરવાઈઝર, આંગણવાડી કાર્યકર અને આશાવર્કર સાથે સંસ્થાની માહિતી અને કાર્ય વિષે વાત કરવામાં આવી. ખાસ કરીને અમરાઈવાડી, ખોખરા અને ભાઈપુરા અર્બન હેલ્થ સેન્ટરમાં આશાવર્કર સાથે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, માર્ગદર્શન નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનોવૈજ્ઞાનિક તપાસ, આંખની તપાસ, સ્પીચની તપાસ, સરકારી યોજનાઓની માહિતી અને માતાપિતાના પરામર્શ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, આવેલ સમુદાયના લોકો સાથે વિશિષ્ટ જરૂરિયાત સંબંધિત એમના જ્ઞાન, વલણ, વ્યવહાર સંબંધિત સેમ્પલ સર્વે પણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૦૦ જેટલા બાળકો / પુખ્ત વ્યક્તિઓની નોંધણી કરવામાં આવી અને તેમની તપાસ કરવામાં આવી હતી.







## હિમાયત (એડવોકસી ):

પ્રભાત પોતાના વર્ષોના કાર્યના અનુભવને આધારે આ ક્ષેત્રમાં નીતિ વિષયક બદલાવ માટે રણનીતિ (સ્ટ્રેટેજી) સાથે આગળ વધીને કાર્ય કરે છે. જેમાં ચોક્કસ હિતધારકો સાથે નેટવર્કથી આગળ વધીને ભાગીદારીના અભિગમથી કાર્ય કરે છે. જેના ભાગરૂપે અનંત યુનિવર્સીટી ના પબ્લિક અને રીસર્ચ પોલીસી વિભાગ સાથે વાઈટ પેપર બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ડિસેબીલીટી ક્ષેત્રમાં આવતા પડકારોને સમજવા નિષ્ણાંતો સાથે વ્યક્તિગત સ્તર પર પરામર્શ કરવામાં આવ્યું હતું.

**સ્થાનિક પ્રસાશન સાથે અસરકારક કાર્યનું ઉદાહરણ** : પ્રભાતે પોતાના કાર્યક્ષેત્રમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળક/વ્યક્તિ માટે જેમ સમુદાયમાં આગવી ઓળખ બનાવી છે. એમ સરકાર સાથે પણ એક મજબુત છબી બનાવી છે. જેનું પરિણામ છે કે ,સરકાર દ્વારા આ લોકસભાની ચૂંટણીમાં સહાયક સંસ્થા તરીકે ભૂમિકા સોંપવામાં આવી હતી. જે અન્વયે વિશિષ્ટ જરૂરિયાત ધરવતા વ્યક્તિઓને મતદાન મથક સુધી તેઓ કોઈ પણ મુશ્કેલી ન આવે અને તેઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે પ્રભાતના કાર્યકર 43-વટવા વિધાનસભા મત વિભાગમાં પોતાની ફરજ નિભાવી હતી.



બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી
બ્લોક-બી, ભોંયતળીયે, બહુમાળી ભવન
અપના બજાર, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં. ૦૭૯- ૨૫૫૦૮૭૧૨, ફેક્ષ નં. ૦૭૯- ૨૫૫૦૮૭૧૨
E-mail: dsdo-ahd@gujarat.gov.in

જા.નં/સસુઅ/અમદ/૨૦૨૪/૨૩૨૫ તા:૧૩/૩ /૨૦૨૪

પ્રતિ,
(૧) સર્વે સ્ટાફ, જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, અમદાવાદ
(૨) અધિક્ષકશ્રી, ભિક્ષુક ગ્રુહ, ઓઢવ, અમદાવાદ
(૩) જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અમદાવાદની તાબા હેઠળની સંસ્થાઓ

વિષય:- લોકસભ સામાન્ય ચુંટણી ૨૦૨૪ બાબત
સંદર્ભ:- કલેક્ટર કચેરીના પત્ર નં-ઇએલસી/ચૂંટણી/૨૦૨૪/નોડલ ઓફિસર/૩૫૮/૨૦૨૪, તા-૧૧/૦૧/૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ પત્રથી માન.કલેક્ટરશ્રી અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, અમદાવાદ દ્વારા થયેલ આદેશ મુજબ ભારતના ચુંટણી પંચ દ્વારા દિવ્યાંગ(PWD) મતદારો મતદાન મથક પર સરળતાથી મતદાન કરી શકે તે માટે જરુરી સવલતો ઉપલબ્ધ કરાવવાના આશય અન્વયે ચુંટણી પ્રક્રિયામા શક્ય તેટલી તમામ સુવિધાઓ મળી રહે તે હેતુસર મતદાન મથક તેમજ દિવ્યાંગ મતદારોની સુવિધાની સતત મોનીટરીંગ કરવા માટે નીચે મુજબના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને ફાળવેલ વિધાનસભા મતવિસ્તાર મુજબ કામગીરી કરવા આથી હુકમ કરવામા આવે છે.

જે મુજબ આપને ફાળવેલ વિધાનસભા મતવિભાગના સબંધિત મદદનીશ ચુંટણી અધિકારીશ્રી સાથે સતત સંકલનમાં રહી દિવ્યાંગોને મતદાન કરવામા કોઇ પણ પ્રકરની અગવડતા ન પડે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

| ક્રમ | નામ | મોબાઇલ નંબર | હોદ્દો | વિધાનસભા મતવિભાગ | સહાયક/સંસ્થા |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી એ.આર.પટણી | ૭૫૭૫૦૭૫૯૧૧ | ચીફ ઓફિસર, ભિક્ષુક સ્વીકાર કેંદ્ર, અમદાવાદ | ૪૬-નિકોલ | ભિક્ષુક ગૃહ ઓઢવ શ્રી વી.એ. રાણા ૯૧૭૩૪૩૩૯૯૮ |
| ૨ | શ્રીમતી કે. વી શાહ | ૮૫૧૧૭૩૭૫૪૦ | અધિક્ષક, મંદબુધ્ધિ બહેનોનુ ગ્રુહ, અમદાવાદ | ૪૫-નારણપુરા | નવજીવન જીવન ટ્રસ્ટ શ્રી નિલેષભાઇ પંચાલ ૯૮૨૪૨૬૩૬૦૮ |
| ૩ | શ્રી ડી. જે દેસાઇ | ૯૯૭૮૩૨૦૬૪૭ | પ્રોબેશન ઓફિસર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, અમદાવાદ | ૪૩-વટવા | પ્રભાત મંદબુધ્ધિ બાળકોની સસ્થા કિરણભાઇ ૭૭૨૨૦૪૪૧૨૫ |

## મારી વાત

**ઉમર નાની પણ મોટા વિચાર ધરાવતા –યંગ વોલીયન્ટીઅર** : યુવા નેતૃત્વનું એક સુંદર ઉદાહરણ યંગ મેનેજર્સ પ્રોગ્રામમાં સામેલ એક નોંધપાત્ર છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીની મળ્યું. વિદ્યાર્થી દ્વારા પ્રભાતના બાળકો માટે 3-દિવસીય સમર કેમ્પનું આયોજન કર્યું





હતું. જેમાં ચિરાગ સ્કૂલ ખાતે આયોજિત, શિબિરમાં નૃત્ય, રમતો અને હસ્તકલાની પ્રવૃત્તિઓનું અદ્ભુત મિશ્રણ કરવામાં આવ્યું હતું. ટીમના પ્રયત્નો અને સર્જનાત્મકતા સાથે, બાળકો માટે અઠવાડિયું આનંદદાયક રીતે સમાપ્ત થયું, તેમની ઉનાળાની રજાઓને ખરેખર અવિસ્મરણીય બનાવી.

**ઇન્ટર્નશીપ** :આ મહીને એલ.જે. યુનિવર્સીટીના પ્રથમ સેમિસ્ટરના વિધાર્થીઓ આવ્યા હતા જેમને પ્રભાત સંસ્થા વિષે માહિતગાર કરવામાં આવ્યાં. જેમાં બે વિદ્યાર્થી એ 1 મહિના ઇન્ટર્નશીપ કરી. જેમાં તેઓ પ્રભાત ના ટીચિંગ લર્નિંગ મટેરિયલ, કેમ્પમાં સહભાગી બન્યા. તથા પ્રભાત ના દૈનિક કાર્ય માં તેઓએ ભૂમિકા ભજવી.



કાયદાનો જ્યારે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સમુદાય માં એ કાયદા અને તેનું શું મહત્વ છે એની સમજ લોકો સાથે રહેવાથી અને વાસ્તવિક બાબતોને જોવાથી આવે છે. તેથી તેમના માટે સમુદાય અને ટીમ સાથેનો આ સમય ખુબ જ શીખ અપાવનાર બન્યો હતો.

હંમેશા ઇન્ટર્નશીપમાં આવતા વિદ્યાર્થીઓ પોતાના ક્ષેત્ર , અભ્યાસ માં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ ની નજરે જોવાની એક સમજ અહી કેળવે છે.

## ઘરોબો

**પ્રભાત પરિવારના સભ્યોની જમાવટ** : આપને જણાવતાં આનંદ થાય છે કે, પ્રભાતમાં ટીમમાં નવા સભ્યોનો ઉમેરો થયો છે. યુવા ચહેરાઓ વધારે આવ્યા છે. ચોક્કસ તેઓ પોતાની નવી ઉર્જા, સર્જનાત્મકતા અને કટિબદ્ધતા સાથે પ્રભાતને વધુ ને વધુ મજબુત બનાવશે. આ નવા સભ્યોને પ્રભાતને સમજવાનો અને ઓળખવાનો અવસર મળે તો દરેક ટીમના સભ્યો એકબીજા ને વધારે સમજે તે માટે બે દિવસીય કાર્યશાળા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે વિવિધ રીતે વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિશ્વાસ, ટીમ ભાવના, જવાબદારી, ખુલ્લાપણું જેવા મુલ્યોને લઈને કરવામાં આવી હતી. તો બીજા દિવસે વર્ષ પ્રભાતની પ્રવૃતિઓને વિગતે વાત ટીમના સભ્યો દ્વારા રજૂઆત થઇ હતી. અને અંતમાં આવનાર વર્ષમાં આયોજન પર ચર્ચા કરવામાં આવી હતી.



**આભારની લાગણી – સમાવેશી સમુદાયની પરિકલ્પનાની સફરમાં સહકાર માટે..** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ સમુદાયનો જ અભિન્ન અંગ છે અને તેમના આત્મસન્માન થી લઈને આત્મ નિર્ભરતાની સફરમાં પ્રભાત સાથે અનેક સંસ્થા, દાતાઓ છે જે સાથી છે. કારણ કે દરેકના સાથ અને માર્ગદર્શનથી સફળ કરી શકાશે. આવા જ સફરમાં નવા શુભેચ્છકોનો સમાવેશ થયો છે. જે અન્વયે સેન્ટરમાં બાળકો માટે શિક્ષણ, ક્રાફ્ટ માટે સ્ટેશનરી અને બાળકોના પોષણ ક્ષમ આહાર માટે રાશન પણ આપવામાં આવ્યું છે. પ્રભાત આ શુભેચ્છકોનો દિલથી આભાર વ્યક્ત કરે છે.

## સહાયક સેવાઓ :

આ મહીને UDID કાર્ડ - ૦૨ પેન્શન યોજના - ૦૩ ના ફોર્મ ભરવામાં આવ્યા હતા.

Unique Disability ID (UDID) કાર્ડ શું છે ? દિવ્યાંગોને એક વિશિષ્ટ ઓળખ માટે કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ દ્વારા વિકલાંગ લોકો પોતાની ઓળખ જાહેર કરીને દેશમાં ગમે ત્યાં સારવાર મેળવી શકે છે. વધુ માહિતી: https://www.swavlambancard.gov.in/

## રિસોર્સ કોર્નર

**આસમાન હમારા** : દરેકનો સહર્ષ સ્વીકાર અને સપનાઓને પુરા કરવાની સમાન અવસરના ઉદેશ્ય સાથે પ્રભાત દ્વારા થઇ રહેલ પ્રયાસોને કેમેરામાં અંકિત કરવાનો પ્રયાસ એટલે "આસમાન હમારા " દસ્તાવેજીક્ન ફિલ્મ. આ ફિલ્મ નિર્માણ પાછળ એ જ ઉદેશ્ય રહેલું છે કે પ્રભાતની આ સમાવેશી દુનિયાની પરિકલ્પનાથી લોકોને અવગત કરાવવા તથા આ સફરમાં એમને જોડવાનો છે. ફિલ્મની લીંક :
https://youtube.com/watch?v=-NojerDv-lM&feature=shared